# એનડીએમાં રાષ્ટ્રપતિની ચૂંટણીના મામલે ગંભીર મતભેદો

## ભાજપના એકપક્ષીય નિર્ણયથી જેડીયુના નેતા ભારે નાખુશ : શિરોમણી અકાલી દળના ઘણા નેતઓનો પણ અલગ મત

નવી દિલ્હી, તા.૧

રાષ્ટ્રપતિની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે એનડીએમાં પણ હવે રાષ્ટ્રપતિની ચૂંટણીના મામલે ગંભીર મતભેદો જોવા મળી રહ્યા છે. એનડીએમાં તિરાડ અને વિભાજનની સ્થિતિ દેખાઈ રહી છે. ભાજપે આગામી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારને ટેકો નહીં આપવાનો નિર્ણય કર્યા બાદથી એનડીએમાં મતભેદની સ્થિતિ છે.આનાથી કોંગ્રેસ પાર્ટીને ફાયદો થઈ શકે છે. સૂત્રોએ કહ્યુ છે કે ભાજપના સૌથી મહત્વપૂર્ણ સાથીપક્ષ જનતાદળ યુનાઈટેડે ભાજપના નિર્ણયને ટેકો નહી આપવાનો સંકેત આપ્યો છે. ભાજપ દ્વારા લેવામા આવેલા એકપક્ષીય નિર્ણયથી જેડીયુના નેતાઓ નારાજ દેખાઈ રહ્યા છે. જેડીયુના નેતાએ આજે માહિતી આપતા કહ્યુ હતુ કે જો ભાજપ એકપક્ષીય નિર્ણય લઈ શકે છે તો અમે પણ આવો નિર્ણય લઈ શકીએ છીએ. અમે તેમની સાથે રહીશુ નહીં. જેડીયુના રાષ્ટ્રપ્રમુખ શરદ યાદવે કહ્યુ હતુ કે કોંગ્રેસના ઉમેદવારને ટેકો નહી આપવાનો ભાજપનો નિર્ણય તેનો પોતાનો નિર્ણય છે. એનડીએના અભિપ્રાય તરીકે આને જોવો જોઈએ નહી. એનડીએના કન્વીનર યાદવે શિરોમળી અકાળીદળના નેતા સુખવીર સિંહ બાદલના નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો હતો. બાદલ કહી ચુક્યા છે કે આ મામલે એનડીએ દ્વારા કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. બાદલ એમ પણ કહી ચુક્યા છે કે ગઠબંધનની કોઈ વિધિવત મીટિંગ યોજાઈ નથી જેથી રાષ્ટ્રપતિના એનડીએના ઉમેદવાર કોણ રહેશે તે અંગે વાત કરવી યોગ્ય નથી. ભાજપે જેડીયુ સાથે વાતચીત કર્યા વગર જ કોંગ્રેસના ઉમેદવારને ટેકો નહી આપવાની જાહેરાત કરી લીધી છે. ભાજપે ગઈકાલે જ કહ્યુ હતુ કે તે કોંગ્રેસના ઉમેદવાર પ્રણવ મુખર્જીને ટેકો આપશે નહીં. જેડીયુ ઉપરાષ્ટ્રપતિ હમિદ અંસારીની તરફેણ કરી શકે છે કારણ કે બિહારમાં મુસ્લિમ મતોને આકર્ષિત કરવા રણનીતિનો એક ભાગ હોઈ શકે છે. ભાજપના અભિપ્રાય સાથે જાહેરમાં અસહમતિ દર્શાવીને અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે ટુંકમાં આ મામલે ચર્ચા કરવામાં આવશે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીના અનુસંધાનમાં તમામ રાજકીય પક્ષોનએ પોતપોતાની ગણતરી શરૂ કરી દીધી છે. ભાજપના પ્રવકતા મુખતાર અબ્બાસ નકવીએ કહ્યુ હતુ કે પાર્ટી એવુ નામ ઈચ્છે છે જેના નામ ઉપર તમામ લોકો સહમત થઈ શકે છે. સુષ્મા સ્વરાજે ગઈકાલે કહ્યુ હતુ કે ભાજપ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કલામને ટેકો આપવા તૈયાર છે.




# આસામમાં બોટ દુર્ઘટના : મૃતાંક ૨૦૦

ગુવાહાટી, તા. ૧

આસામના ધુબરી જિલ્લામાં બ્રહ્મપુત્ર નદીમાં બોટ દુર્ઘટનામાં મોતનો આંકડો ૨૦૦ના આંકડાને પાર કરે તેવી દહેશત પ્રવતિ રહી છે. મૃતદેહ બહાર કાઢવાની પ્રક્રિયા ચાલી રહી છે. હજુ સુધી ૧૦૩ લોકોના મૃતદેહ મળી શક્યા છે. ૧૫૦થી વધુ લોકો હજુ પણ લાપતા છે. જેથી મોતનો આંકડો ખુબ મોટો હોઈ શકે છે. ઘણા મૃતદેહ પાણીના પ્રવાહમાં અન્યત્ર પહોંચી ગયા હોવાની દહેશત પણ દેખાઈ રહી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આજે સવારે ૮ વાગ્યા સુધી સત્તાવાર રીતે ૧૦૩ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા હતા. જિલ્લા વહિવટી તંત્રએ બચાવ કામગીરી માટે ઈન્ડિયન એરફોર્સના હેલિકોપ્ટરોની મદદ લીધી છે. મુખ્યમંત્રી તરુણ ગોગોઈ સાથે વડાપ્રધાન મનમોહનસિંહે વાત કરી છે. તેઓએ વડાપ્રધાન રાહત ફંડમાંથી સહાયતા આપવાની પણ તૈયારી બતાવી છે. ગોગોઈએ બચાવ અને રાહત ઓપરેશનને વધુ તીવ્ર બનાવવા મુખ્ય સચિવ, રેવેન્યુ અને




ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગને આદેશ આપ્યા છે. બિન સત્તાવાર રીતે વધુ મૃતદેહ મળી હોવાની અહેવાલ મળી રહ્યા છે. મોટી સંખ્યામાં પ્રવાસીયો લાપતા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. આજે સવારે સ્થાનિક સત્તાવાળાઓએ બચાવ રાહત કામગીરી આગળ વધારી હતી. ભારે વરસાદ અને ખરાબ હવામાનના રીતે બચાવ કામગીરીમાં અડચણો આવી રહી છે. બચાવ ટીમો સ્થળ ઉપર પહોંચે તે પહેલા સ્થાનિક લોકો તેમના સગા સંબંધિના મૃતદેહ લઈ ગયા છે. જેથી મૃતકોની સંખ્યાની ખાતરી કરવી ખૂબ જ મુશ્કેલરૂપ રહેશે, મોટી સંખ્યા લોકો તરીને કિનારે પણ પહોંચી ગયા હતા. ડબલ ડેક્કર બોટમાં ૨૫૦ લોકોની ક્ષમતા હતી પરંતુ ૫૦૦થી વધુ લોકો આ બોટમાં હોવાના અહેવાલ મળ્યા છે. આ જ કારણસર દુર્ઘટના સર્જાઈ હતી. ધુબરી ખાટ નજીક નદી પાર કરતીવેળા આ દુર્ઘટના સર્જાઈ હતી. સત્તાવાળાઓના કહેવા મુજબ બચાવ કામગીરીમાં સેનાના જવાનોની મદદ પણ લેવામાં આવી રહી છે. સેનાના સેકડો જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા છે. વડાપ્રધાન મનમોહનસિંહને આ સમગ્ર મામલે ચિંતા વ્યક્ત કરી છે. સાથે સાથે સાહાય કરવાની ખાતરી પણ આપી છે. ઓવરલોડિંગના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. તરીને કિનારે પહોંચી ગયેલા અને અન્ય ચાર લોકોને બચાવનાર ૪૨ વર્ષીય તાલિબ અલીએ કહ્યું છે કે તે બીજા માળે હોવાથી બચી ગયો હતો. મોટાભાગના લોકો નીચલા માળે પાંજરા જેવી સ્થિતિમાં મુકાય ગયા હતા અને ફસાઈ ગયા હતા. તાજેતરના સમયની સૌથી મોટી દુર્ઘટના સાબિત થઈ શકે છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના મુખ્ય સચિવ વિનોદ કે.પીપરસેનિયાએ કહ્યું છે કે ખરાબ હવામાનના લીધે અડચણો આવી રહી છે. બચાવ કામગીરીમાં પોલીસ, સેના, સરહદ સુરક્ષાદળના જવાનો અને નેશનલ ડિઝાસ્ટર રિલિફ ફોર્સના લોકો કામ કરી રહ્યા છે. કેટલા લોકોના મોત થયા છે તે અંગે વાત કરવી મુશ્કેલ છે. પરંતુ નોકાના કાટમાળથી લોકો મળી શકેછે. કિનારાથી ૫૦ મીટર દુર આ બનાવ બન્યો હતો. મૃતદેહોના મામલે સ્થાનિક લોકો સાથે સત્તાવાળાઓની બોલાચાલી થઈ હતી. ગુવાહાટીથી ૨૮૭ કિલોમીટર પશ્ચિમે સ્થિત ધુબરી શહેરમાંથી આ નોકા જઈ રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. મામલામાં ઉંડી તપાસ માટે આદેશ અપાયો છે. દરમિયાનમાં ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટીક ફ્રન્ટના તમામ ૧૮ ધારાસભ્યો અને આસામ ગણપરિષદના તમામ ૧૦ સભ્યોએ નોકા દુર્ઘટનાનો શિકાર થયેલા લોકોને મહિનાનો પગાર આપવાનો નિર્ણય કર્યો છે. આસામ સરકારે પણ મૃતકોના પરિવારને નાણાકીય લાભ આપવાની જાહેરાત કરી છે. વડાપ્રધાન મનમોહનસિંહે પણ ફંડમાંથી મદદની ઓફર કરી છે.

# રાજકારણ માટે ક્રિકેટ છોડીશ નહીં : સચિન

પુણે, તા.૧

માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરની રાજયસભામાં નોમિનેશનના મામલે ભારે હોબાળો થયેલો છે ત્યારે સચિન તેંડુલકરે પણ આજે ખુલાસો કર્યો હતો. પુણેમાં એક ખાનગી સંસ્થા દ્વારા આયોજિત કાર્યક્રમમાં કહ્યુ હતુ કે તે રાજકારણ માટે ક્રિકેટને છોડશે નહીં. સચિને કહ્યુ હતુ કે હું નેતા નથી ખેલાડી છુ. અને હમેંશા ખેલાડી તરીકે જ રહીશ. ક્રિકેટ છોડીને તે રાજકારણમાં જોડાઈ રહ્યો નથી. ક્રિકેટ તેના લાઈફના હિસ્સા સમાન છે. ક્રિકેટ ખેલવાનો જારી રાખશે. સચિને એમ પણ કહ્યુ હતુ કે અનેક મહાન હસ્તીઓ સ્વર સમ્રાજ્ઞી લતામંગેશકર અને અભિનેતા પૃથ્વીરાજ કપૂરને પણ તેમના ક્ષેત્રમાં ખાસ યોગદાન માટે સન્માનિત કર્યા હતા. ક્રિકેટમાં તેની વિશેષતા છે. તે આજ ક્ષેત્રમાં યોગદાન આપશે. સચિનને ૧૦૦મી આંતરરાષ્ટ્રીય સદી અંગે



પૂછવામા આવતા કહ્યુ હતુ કે વર્લ્ડ કપ જીતવા બાબત તેના માટે સુખદ ક્ષણ સમાન છે. સચિને કહ્યુ હતુ કે ૨૨ વર્ષ સુધી વર્લ્ડકપ જીતવાના સ્વપ્નની રાહ જોઈ હતી. ૨૦૦૩માં ભારતીય કોચરહેલા જોન રાઈટે કહ્યુ હતુ કે તે ૧૦૦ સદી ફટકારી શકે છે. જ્યા સુધી સ્વપ્ન પૂરા ન થાય ત્યા સુધી સતત મહેનત જારી રાખવી જોઈએ અને આના માટે વધારાના પગલા લેવા જોઈએ. દબાણની સ્થિતિમાંથી બહાર નીકળવા શુ કરવુ જોઈએ તે અંગે સચિને કહ્યુ હતુ કે બેટિંગ કરતીવેળા સૌથી મહત્વપૂર્ણ બાબત એ હોય છે કે અગાઉની સમસ્યાઓને ભૂલીને વર્તમાન સ્થિતિ ઉપર ધ્યાન આપવામા આવે. કોઈપણ બોલના સામનો કરવા માટે અડધા સેકન્ડનો સમય હોય છે. યોગ્ય નિર્ણય લેવા માટે દિલ અને દિમાગ શાંત રાખવા પડે છે.

# ઉશ્કેરીજનક ભાષણ બદલ આઝમી દોષિત

મુંબઈ, તા.૧

મુંબઈની સ્થાનિક અદાલતે ચર્ચાસ્પદ સમાજવાદી પાર્ટીના મહારાષ્ટ્ર પ્રમુખ અને ધારાસભ્ય અબુ અસીમ આઝમીને દોષિત ઠેરવ્યા છે. કોમવાદી હિંસા ભડકાવવા માટે ઉશ્કેરીજનક ભાષણ આપવાના મામલામાં આઝમી અને અન્ય ચારને દોષિત ઠેરવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૦માં એક રેલી દરમિયાન કોમી હિંસા ભડકે તેવા ઉશ્કેરીજનક ભાષણ આપવાનો તેમના ઉપર આક્ષેપ મુકવામાં આવ્યો હતો. ત્યારબાદથી સમગ્ર મામલામાં તપાસ હાથ ધરવામાં આવી હતી. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે આઝમી, વકારૂનિસા અંસારી, લાલ બહાદુરસિંહ, અહેસાનઉલ્લા ખાન અને અલી એમ સામસીને દોષિત ઠેરવ્યા હતા. બે બે વર્ષની જેલની સજા ફટકારી હતી. સાથે સાથે તેમના ઉપર ૧૧-૧૧ હજાર રૂપિયાનો દંડ પણ કર્યો હતો. આ સુનાવણી દરમિયાન પાંચેય લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ લોકોએ સેશન કોર્ટમાં અપીલ દાખલ કરવા મંજુરી માંગી હતી. અને મેજિસ્ટ્રેટે આદેશને સસ્પેન્શનમાં રાખી મંજુરી આપી હતી. દંડની રકમ ચુકવી દેવામાં આવ્યા બાદ અને આટલી જ રકમની અંગત બાહેધરી આપવામાં આવ્યા બાદ તેમને રજા આપવામાં આવી હતી. ટ્રાયલ ચાલી ત્યારે તરતદાર દલિલો કરવામાં આવી હતી. આઈપીસીની કલમ ૧૫૩-એ, ૧૫૩-બી, ૧૫૩ના સંબંધમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રોસિક્યુશન મુજબ આઝમીએ ૨૪મી ફેબ્રુઆરી ૨૦૦૦ના દિવસે નાગપાડાના મસ્તાન તળાવ ખાતે એક રેલીમાં ઉશ્કેરીજનક સુચનો કર્યા હતા. એ વખતે તેઓ સપાના કોર્પોરેટર હતા. અન્ય ચાર લોકો ઉપર પણ રેલી આયોજીત કરવાના આરોપ મુકવામાં આવ્યા હતા. સાથે સાથે મોટી સંખ્યામાં લોકોને એકત્રિત કરવાનો પણ આરોપ મુકવામાં આવ્યો હતો. રાજ્ય વિધાનસભામાં શિવસેના અને ભાજપ દ્વારા આ મામલો ઉઠાવવામાં આવ્યો હતો અને આઝમી સામે પગલા લેવાની માંગ થઈ હતી. જેના ભાગરૂપે પોલીસે પાંચ લોકો સામે ખટલો ચલાવવા પરવાનગી માંગી હતી. આની પરવાનગી મળી ગયા બાદ તપાસ આગળ વધી હતી. ૨૦૧૧માં ટ્રાયલ તીવ્ર બની હતી. દસ્તાવેજી પુરાવા અને ફોરેન્સિક પુરાવાના આધાર ઉપર કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સરકારે અવાજની પ્રમાણિક્તા ચકાસવા સીબીઆઈને આઝમીના ભાષણની એક ઓડિયો કેસેટ મોકલી હતી. ત્યારબાદ તેની ચકાસણી થઈ હતી. વોઈસ સેમ્પલની ચકાસણી દરમિયાન આ બાબત યોગ્ય સાબિત થઈ હતી.

# આરુષિ કેસમાં નૂપુરના જામીન પર આજે ચુકાદો

ગાઝીયાબાદ, તા.૧

આરુષિ હત્યા કેસના મામલામાં ડેન્ટીસ્ટ નૂપુર તલવારની જામીન અરજી અંગે આજે પણ કોઈ નિર્ણય થઈ શક્યો ન હતો. જામીન અરજી પર ચુકાદો આજે આવતીકાલ સુધી અનામત રાખવામા આવ્યો હતો. આનો મતલબ એ થયો કે આજની રાત્રી પણ નૂપુર તલવારને જેલમાં જ ગાળવી પડશે. ખાસ સીબીઆઈ અદાલતે નૂપુર તલવારના વકીલ અને તેમની જામીન અરજી પર સીબીઆઈના વકીલોની દલીલો સાંભળી હતી. ત્યારબાદ ચુકાદો આવતીકાલ સુધી અનામત કરી દીધી હતો. હવે આવતીકાલે નિર્ણય થઈ શકશે. દસના જેલમાં સોમવારની રાત્રી ગુજારનાર નૂપુર તલવાર આજે કોર્ટમાં ઉપસ્થિત રહી ન હતી. તેના વકીલોએ દલીલ કરી હતી કે નૂપુર તલવારને જામીન મળી જવી જોઈએ. તેના પતિ રાજેશ તલવારને પહેલાથી જ જામીન મળી ચુકયા છે. ખાસ સીબીઆઈ જજ એસ લાલે તેમની જામીન અરજી પર સુનાવણી હાથ ધરી હતી. નૂપુર તલવારના વકીલોએ દલીલ કરી હતી કે ૧૪ વર્ષીય પુત્રી આરુષિ અને તેમના નોકર હેમરાજની હત્યાના સંબંધમાં નૂપુર તલવારની સામે કોઈપણ વૈજ્ઞાનિક પુરાવા નથી. ૧૬મી મે ૨૦૦૮ના દિવસે બંનેની હત્યા થઈ હતી. આરુષિનો મૃતદેહ સૌથી પહેલા મળ્યો હતો જ્યારે તેમના નોકર હેમરાજનુ મૃતદેહ આગલા દિવસે છત પરથી મળી આવ્યો હતો. સીબીઆઈએ નૂપૂર તલવારની જામીન અરજીનો વિરોધ કર્યો છે. સીબીઆઈએ દલીલ કરી છે કે તલવાર પુરાવા સાથે ચેડા કરી શકે છે.

### પારિજાત (પાના નં. ૪ નું ચાલુ)

બીજો કોઈ વિકલ્પ ન હોય તો પણ, તૂટી રહેલી ડાળખી પણ છોડી દેવાની તૈયારી હોય તેનું નામ ઈશ્વર માટેની શ્રધ્ધા. અને આવી શ્રધ્ધા હોય ત્યારે જ હરપળ આપણે પ્રતિતિ થાય કે ઈશ્વર આપણી સાથે જ છે.

અને ઈશ્વર કે પરમ તત્ત્વ એને જે નામ આપીએ તે ખરું. કોઈ આદ્યશક્તિમાં શ્રધ્ધા રાખે, કોઈ કાનુડામાં શ્રધ્ધા રાખે, કોઈ ઘનશ્યામ મહારાજમાં કે કોઈ ઈસુ ખ્રિસ્તમાં કે મહંમદ પયગંબરમાં... વાત તો એની એ જ છે - ઈશ્વરમાં - પરમ શક્તિમાં શ્રધ્ધા.

અને જેવી જેની શ્રધ્ધા એવું એનું દર્શન. કેમ કે બહાર ગમે તેટલો રસ વહેંચાતો હોય પણ આપણે જેટલું પાત્ર લઈને જઈશું એટલું જ મળશે. જેવી જેની કેપેસીટી. સાથે સાથે એ પણ ખરું કે જે અનુભૂતિ રામકૃષ્ણ પરમહંસને થાય કે નરસિંહ મહેતાને થાય તેટલી આપણને ન જ થાય. કેમ કે એ આપણી મર્યાદા છે, ઈશ્વરની નહીં.

વળી રેશનાલિસ્ટ હોય તેઓ કહેશે બધું તૂત છે. ભગવાન કે ભૂત કશું નથી. જે છે તે વિજ્ઞાન છે. તો એમની વિજ્ઞાનમાં શ્રધ્ધા ખરી કે નહીં!

અને વિજ્ઞાન પણ જયાં અટકી જાય છે ત્યાંથી પરમ તત્ત્વની અનુભૂતિ શરૂ થાય છે. એનો આપણને અનુભવ નથી એ વાત સાચી! મૃત્યુ પછી શું? એનો જવાબ મેળવવા મરવું પડે. અને એટલે જ ગાંધીજીના કે વિવેકાનંદના અનુયાયીઓ જેવું રાખવું કે, અમને તો કંઈ ખબર નથી પણ ગાંધીજીમાં પૂરેપૂરી શ્રધ્ધા છે. એમણે કહ્યું તે જ બ્રહ્મ વાક્ય - એવું જ ગીતા વિષે કે કુરાન વિષે...

તેથી જલન માતરીના શબ્દોમાં,

શ્રધ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર!<br>
કુરાનમાં તો કયાંકે પયગંબરની સહી નથી!

# ભારત-નેપાળની સરહદે ૪૦ શખ્સોની અટકાયત

લખનૌ, તા.૧

ભારત-નેપાળ શરહદ ઉપર ૪૦ લોકોની અટકાયત કરવામાં આવતા એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. નેપાળમાંથી માન્ય દસ્તાવેજો વગર ઘુસણખોરી કરતીવેળા આ શખ્સો ઝડપાઈ ગયા હતા. ઝડપાયેલા શખ્સોની ઓળખવિધી કરવામા આવી ચુકી છે. મહારાજગંજમાં શરહદ મારફતે માન્ય દસ્તાવેજો વગર આ શખ્સો ઘુસણખોરી કરી રહ્યા હતા. આવી હિલચાલથી અધિકારીઓમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. ઉત્તર પ્રદેશ ઈન્ટલીજન્સ યુનિટે એલર્ટ રહેવા ચેતવણી જાહેર કરી છે. સશત્ર સીમાબળના જવાનોને ૪૦ લોકોની અટકાયત કરી હતી જેમા ૧૧ પુરુષો ૭ મહિલાઓ અને ૨૨ બાળકોનો સમાવેશ થાય છે. સોનૌલીમાં શરહદ ખાતે તમામની અટકાય કરવામાં આવ્યા બાદ પૂછપરછ પણ હાથ ધરવામાં આવી છે પૂછપરછ દરમિયાન અટકાયતમા લેવામાં આવેલા લોકો પૈકી એકે કહ્યુ છે કે થોડાક વર્ષ અગાઉ કેટલાક પુરુષો પાકિસ્તાનમાં જતા રહ્યા હતા. અને લગ્ન કરી લીધા હતા ત્યા સ્થાયી થઈ ગયા હતા. હવે તેઓ ભારતમાં પરત ફરવા પ્રયાસ કરી રહ્યા છે.

### નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

ગામની બહાર ટેકરાની પાછળના ભાગમાં એક ગમાણ જેવું. સાંજનો સમય, ગરમીના દિવસો, બફારો મારતી સાંજના સમયે લીંમડાના છાંયે ઓટલા પર એ પડી હતી. હું ત્યાં પહોંચ્યો તો મારો પગરવ સાંભળી એ બોલી. 'કોણ આવ્યું?' પછી ગરદન ફેરવીને મને પકડી લીધો. બે હાથે મારા ચહેરાને પંપાળતા ઊભા થવાની એ કોશિશ કરવા લાગી. હું કાંઇ સમજી શકતો ન હતો.

'કાકી હું સત્યો...' તેના ચહેરા પર ચમક આવીને અલોપ થઈ ગઈ. 'કોણ આવ્યું?' ફરી એ જ રટણ તે કરવા લાગી.

'અરે! કાકી હું સત્યો... સત્યપ્રકાશ.' અવાજને ઓળખવાની ગડમથલ ઘણીવાર સુધી એ કરતી રહી.

'તારો બાપુ પરણીને આવેલો તે દિવસે ગરમ રોટલો ખાધેલો, અને ફરી...' તેના શબ્દોમાં ધ્રૂજારી હતી તે કંઈક કહેવા માંગતી હતી પણ જીભ થોથવાતી હતી. તેથી વાત કંઇ સમજાતી ન હતી.

'કાકી હું સત્યો... લે તારા માટે રોટલો લાયો છું.' કેણ જાણે તેણે સાંભળ્યું કે નહીં. જયારે મેં એક ટુકડો ભાંગીને કોળિયો તેના મોંમા દેવાની કોશિષ કરી તો તેની ગરદન લટકી પડી. હું ઘણીવાર સુધી તેને ઝંઝકોરતો રહ્યો. પણ એ જતી રહી. પીપળી પૂનમ એટલે કે બુધ્ધ પૂર્ણિમાના ચાર દિવસ પહેલાં જ.

- vanvihari@gmail.com

### Hello ફ્રેન્ડસ!

(પાના નં. ૪ નું ચાલુ)

આવો જ અનુભવ ફરી સ્નેહાને લગ્ન પછી આવ્યો. પતી સાથે શિરડી સાંઈબાબાને દર્શને જતાં હતા. સવારેચા-નાસ્તા માટે હોટલે બસ રોકાઈ. સ્નેહાના મિસ્ટર ચા પીવા નીચે ઊતર્યા. અને સ્નેહા બસમાં જ બેઠી હતી. બસની બહાર જોતી સ્નેહાની બાજુમાં એક ભાઈ આવી અચાનક એને અડીને બેસીગયા, સ્નેહા પહેલા તો થોડી ચોંકી ઉઠી પણ પછી એક ક્ષણનોય વિલંબ ના કરતાં પેલા ભાઈ પર મોટ મોટા અવાજે વરસી પડી. બસમાં બેઠેલાં લોકો વળીને એમના તરફ જોવાં લાગ્યાં. પેલા ભાઈનો શરમનાં માર્યા અને બીકથી થરથર કાપવા લાગ્યા અને બે હાથ જોડી માફી માગી લીધી. પ્રવાસમાં મારઝૂડ કરી સાંઈબાબાના દર્શનની મજા ખરાબ ના થાય એટલે સ્નેહાએ એના પતિને આ વાત ના કરતાં વિષય ત્યાં જ પતાવી દીધો!!

નોકરી, ભણતર કે સામાજિક કાર્ય અર્થે યુવતીઓને બસ કે ટ્રેનનો પ્રવાસ કરવો જ પડતો હોય છે. મહિલાઓને સ્પર્શ કરી એનો આનંદ મેળવનારાં યુવાનો - પુરુષોની ખોટ નથી. અપડાઉન કરનારી છોકરીઓ - યુવતીઓને તો આવાં વિકૃત સ્પર્શનારા અનેક વ્યક્તિઓ ભટકાતાં જ હશે... ભીડનો લાભ જાહેર સ્થળોએ, માર્કેટમાં કે મંદિરમાંય સ્ત્રીઓનાં અંગોને સ્પર્શવાનું પરાક્રમ પુરૂષો કરતાં જ હોય છે... કેટલાંક ડૉકટરો પૅશન્ટ મહિલા કે શિક્ષકો વિદ્યાર્થીની અને કેટલાંક વડીલો યુવાન છોકરીઓને આશીર્વાદનાં બહાને અંગસ્પર્શના ગલગલીયાં કરતાં હોય છે... નવરાત્રીનાં તહેવાર, સ્કૂલ-કૉલેજનાં ડાન્સ-નાટકમાં કે હોળીનાં રંગોમાં બહાના હેઠળ પણ સ્પર્શનો આનંદ લૂંટનારા મેદાનમાં હાજર જ હોય છે!!

યુવાન છોકરીઓ અને મહિલાઓએ એક વાત ખાસ નોંધવા જેવી છે કે પારકાં પુરૂષો, યુવાનો અને સંપર્કમાં આવતાં વિવિધ પ્રૉફેશનલો એમાં નોકરીમાં કામ કરતાં બૉસ પણ આવી ગયાં, એમનો તમારી સાથે વાત કરવાની ઢબ અને સ્પર્શવાની રીત ઓળખી લેવાં જેવી છે. જો એનાં સ્પર્શમાં વિકૃત આનંદ લૂંટવાની બદબૂ આવતી હોય તો તરત જ સ્નેહાની સેપટી પીનનો કે એનાં બસમાં ઉતારી પાડતાં વેણ જેવો અખતરો કરી તરત જ એને ડામી દેવો. પુરૂષો આમેય બીકણ હોય છે અને આબરૂને લાંછન ના લાગે એ માટે એમની માયા તરત સંકેલી લેતાં હોય છે. જરૂર છે માત્ર સ્નેહા જેવી નીડર થવાની. તમે જો એકાદ વખત એને સહન કરશો તો પર પુરૂષ આગળ વધશે અને જતે દહાડે નાના અમથો સ્પર્શ છેડતી સુધી કે પુરૂષની લંપટલીલાનાં ભોગ સુધી પહોંચી જશે... ચૉઈસ ઈઝ યોર્સ, સ્પર્શ પીછાણો નહી તો સ્પર્શનો ભોગ બની સમાજમાં અસ્પૃશ્ય બનો!!

**ચૂંટલો :**

અપડાઉનમાં યુવતીઓ જોડે સ્પર્શમાં અડપલાં કરતાં યુવાનો સામે લાલ આંખથી કામ લેવું અને નહીં તો એની લફરા લીલામાં લપટાવવાની તૈયારી રાખવી!!

hellosanjay108@gmail.com

### હળવાશની ક્ષણોમાં !

(પાના નં. ૪ નું ચાલુ)

હવે તેણીએ વેસ્ટ બેંગાલ માટે 'આર્થિક પૅકેજ' માગ્યું છે! તેનું કહેવું છે કે - 'અમારી આવક ૨૧,૦૦૦ કરોડ છે અને દેવા પરનું વાર્ષિક વ્યાજ જ ૨૨,૦૦૦ કરોડ છે! - તો અમારે બે છેટા ભેગા કેમ કરવા?!' વડાપ્રધાન એમ નથી કહી શકતા કે - 'એ તમારો પ્રશ્ન છે! તેમાં બીજા રાજયોની ગરીબ પ્રજાનો શું વાંક કે તેમના ટેકસના પૈસા તમને આપીએ?!'

ગુજરાત સહિત બીજા રાજયોએ પણ આવા આર્થિક પેકેજની માગણી તાત્કાલિક મૂકી દેવી જોઇએ! પાણી પહેલાં પાળ બાંધી દેવી સારી!

ઉપરોક્ત બધી વાતોને લઈને રૉબોટિક ઢીંગલીના ચહેરા પરનાં ભાવોનું લીસ્ટ બનાવીએ તો... કદાચ ૬૪ ભાવ સુધી પહોંચી જઈએ!

'રૉબોટીક્સ' અંગેના એક પ્રોજેક્ટ માટે 'વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૩' માં M.O.U. કરતાં પહેલાં આ ઢીંગલીના સર્જકે એક ડેમોનસ્ટ્રેશનનો પ્રોગ્રામ ગોઠવ્યો હતો! આ ડેમોમાં રીમોટ કંટ્રોલ દ્વારા રૉબોટીક ઢીંગલીના ચહેરા પર ૬૪ ભાવો લાવવા સુધી તો બરોબર ચાલ્યું પરંતુ છેલ્લે ૬૫ મો ભાવ લાવવા માટે જેવો રીમોટ કંટ્રોલનો બટન દબાવ્યો કે જોરદાર વિસ્ફોટ થયો! રીમોટ કંટ્રોલની ચાઈનીઝ બનાવટની બેટરીમાં વિસ્ફોટ થયો હતો! (જે પ્રમાણે તાજેતરમાં ગુજરાતના એક શહેરમાં ચાઈનીઝ બનાવટમાં રમકડાંરીમોટ કંટ્રોલમાં વિસ્ફોટ થયો હતો અને એક બાળકે જીવ ગુમાવ્યો!)

ઢીંગલીનો સર્જક અવાચક્ બની ગયો! ગુસ્સામાં તેણે ચાઈનીઝ બનાવટની કલૉવીટી અંગે સૂરતી ભાષાનો ભાષા પ્રયોગ કર્યો! - પરંતુ જાપાનીઝ વર્ઝનમાં!

તે સમયે તેના ચહેરા પર જે ભાવ દેખાયો તે જ તેના પ્રૉજેકટવાળી ઢીંગલીના ચહેરા પરનો ૬૫ મો ભાવ હશે!